ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી
## એકિઝક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની અસાધારણ સભા ગુરુવાર, તા.૨૧/૧૧/૨૦૧૩ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. મુકુલભાઇ શાહે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૨૧/૧૧/૨૦૧૩ |
|---|---|---|
| ૧. | ડૉ. મુકુલભાઇ શાહ, માન. કા.કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડૉ. એન. ડી. શાહ | હાજર |
| ૬. | ડૉ. ઇન્દ્રવિજયસિંહ ગોહેલ | હાજર |
| ૭. | શ્રી પટેલ સતિષકુમાર નટવરલાલ | હાજર |
| ૮. | શ્રી જૈન કૌશિકકુમાર સુખલાલ | હાજર |
| ૯. | પ્રો. ડૉ. વિજયાલક્ષ્મી ચારી | હાજર |
| ૧૦. | પ્રો. ડૉ. કુ. નિશા કે. શાહ | હાજર |
| ૧૧. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૧૨. | પ્રિ. ડૉ. ઉપાધ્યાય પ્રદ્યુમન ચંદ્રકાન્ત | હાજર |
| ૧૩. | ડૉ. શાહ ભરત જે. | હાજર |
| ૧૪. | ડૉ. રાવલ કૌશિકકુમાર ચિમનલાલ | ગેરહાજર |
| ૧૫. | ડૉ. દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ ગોહેલ | હાજર |
| ૧૬. | ડૉ. પટેલ ધવલકુમાર રમણલાલ | હાજર |
| ૧૭. | ડૉ. ઠકકર જશવંતભાઇ હરીભાઇ | ગેરહાજર |
| ૧૮. | ડૉ. મહિતપસિંહ ચાવડા | હાજર |
| ૧૯. | પ્રિ. ડૉ. નિરજાબેન અરૂણ | હાજર |
| ૨૦. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૨૧. | ડૉ. પટેલ હિમાંશુ વિઠ્ઠલભાઇ | હાજર |
| ૨૨. | શ્રી અમિતભાઇ શાહ | હાજર |
| ૨૩. | શ્રી ગીરીશભાઇ ચૌધરી | હાજર |

| | | |
|---|---|---|
| ૨૪. | શ્રી ધ્રુમીલભાઇ ડી. પટેલ | હાજર |
| ૨૫. | ડૉ. મહેશભાઇ પટેલ | હાજર |
| ૨૬. | શ્રી દેવાંગભાઇ નાણાવટી | ગેરહાજર |

સભાની શરૂઆતમાં માન.કુલપતિશ્રીએ તમામ સભ્યશ્રીઓનુ હાર્દિક સ્વાગત કરીને આવકાર્યા હતા.

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતો હાથ ધરવામાં આવી :

બા.ક:૧ આગામી ડિસેમ્બર/જાન્યુઆરી માસમાં યોજાનાર ૬૨માં વાર્ષિક પદવીદાન સમારંભ માટે મુખ્ય અતિથિ વિશેષનું નામ નકકી કરવા અંગે ચર્ચાવિચારણા કરવા બાબત.

ઠરાવ: **ઉપરોકત બાબતે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું રાખવું.**

બા.ક:૨ તા.૧૯/૧૧/૨૦૧૩નાં રોજ મળેલ ફાઇનાન્સ કીમટીની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.
(નોંધ :- સમિતિની ભલામણો પરિશિષ્ટ તરીકે આ સાથે સામેલ છે).

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ કીમટીની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી સર્વાનુમતે નીચેના ઠરાવ કરવામાં આવ્યા હતા :

(૧) હાલ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીને નાણાંકીય ખરીદી કરવા માટે ઓર્ડિનન્સ-૬૨/ડી અનુસાર રૂપિયા પાંચ લાખની સત્તા છે તેમાં ઘટાડો કરીને રૂપિયા એક લાખની કરવા ખુદ કુલપતિશ્રીએ રજુઆત કરીને વિનંતી કરતાં, સર્વાનુમતે તે વિનંતી સ્વીકારવામાં આવી હતી. તદ્નુસાર ઓર્ડિનન્સ-૬૨/ડી માં સુધારો કરવાનું રાખવું.

(૨) જે ઉત્તરવહીઓ ખરીદીએ છીએ તેની ડીલીવરી લેતી વખતે ઉત્તરવહીનો નંબર અને જથ્થાની ચકાસણી કરીને ડીલીવરી લેવાનું રાખવું અને કોલેજોને ઉત્તરવહીના બોક્ષ નંબર અને ઉત્તરવહી નંબર ચકાસીને નોંધ કરીને મોકલવી તેમજ પરીક્ષા પૂર્ણ થયા બાદ વધેલી ઉત્તરવહીઓનો હિસાબ મેળવવાનું રાખવા યુનિવર્સિટીના પ્રેસ મેનેજરને સુચના આપવાનું રાખવું.

(૩) યુનિવર્સિટી કાર્યાલય તેમજ ભવનોના વિભાગોમાંથી એરકન્ડીશનરની ખરીદી કરબવા માટે **આવતી દરખાસ્ત પરત્વે જરૂરિયાતની ચકાસણી કર્યા પછી જ દરખાસ્ત મંજુર કરવી.**

(૪) **યુનિવર્સિટી ધ્વારા કરવામાં આવતી વિવિધ ચીજ-વસ્તુઓની ખરીદી તેમજ સેવાઓ જેવી કે** સફાઇ કામ, સલામતી, ઉત્તરવહીની ખરીદી તેમજ પ્રશ્નપત્ર છપામણી વગેરે માટે ઇ-

પ્રોકયોરમેન્ટ ટેન્ડરની પ્રક્રિયા ધ્વારા કરવાનુ રાખવું અને વધુમાં વધુ સપ્લાયરો યુનિવર્સિટી સાથે રજીસ્ટર થાય તેવી વ્યવસ્થા ઉભી કરવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

ડૉ. બી. વી. પટેલ
કા.કુલસચિવ

નં: એકેડેમિક/ 179 /૨૦૧૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા.૨૧-૧૧-૨૦૧૩

૯૮ તા-૨૧/૧૧/૧૩ બાબત નં. ૨

# ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર/૨૦૧૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૧૯/૧૧/૨૦૧૩

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૧૯-૧૧-૧૩ને મંગળવારના રોજ ૫-૦૦ કલાકે યુનિ.કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન કા.કુલપતિશ્રી ડૉ. મુકુલ શાહસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | ડૉ.મુકુલ શાહ | કા.કુલપતિશ્રી | હાજર |
| ૨) | શ્રી નરહરીભાઇ અમીન | સભ્યશ્રી | હાજર |
| ૩) | ડૉ.જશવંતભાઇ ઠક્કર | સભ્યશ્રી | ગેરહાજર |
| ૪) | ડૉ.ધવલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૫) | ડૉ.ધુમીલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા.૧૫-૧૦-૨૦૧૩ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં બાબત.

ફાયનાન્સ સમિતિની તા૧૯-૭-૨૦૧૩ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી.

૨) ગુજરાત યુનિ.ના આગામી વર્ષ દરમ્યાન લેવાનાર વિવિધ પરીક્ષાઓમાં ઉપયોગમાં લેવાનારી ઉત્તરવહી, પુરવણી તથા ખાખી સ્ટીકર માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી મંગાવવામાં આવેલ ટેન્ડર (ભાવો) (પરીશીષ્ટ-૧) પર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે આગામી વર્ષ દરમ્યાન લેવાનાર વિવિધ પરીક્ષાઓમાં ઉપયોગમાં લેવાનારી ઉત્તરવહી, પુરવણી તથા ખાખી સ્ટીકર માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી મંગાવવામાં આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછો ભાવ ભરનાર પાસેથી નીચે દર્શાવ્યા મુજબની ખરીદી કરવાનું રાખવું.

| ક્રમ | ખાનગી પ્રેસનું નામ | ૨૪ પેજ મુખ્ય ઉત્તરવહી ભાવ રૂ. તમામ ટેક્ષ સાથે તથા ખરીદવાનો કુલ જથ્થો | ૮ પેજ પુરક ઉત્તરવહી ભાવ રૂ. તમામ ટેક્ષ સાથે તથા ખરીદવાનો કુલ જથ્થો | ૪x૩ ખાખી સ્ટીકર ભાવ રૂ. તમામ ટેક્ષ સાથે તથા ખરીદવાનો કુલ જથ્થો |
|---|---|---|---|---|
| ૧ | ક્રિસ્ટલ ફોર્મસ પ્રા.લિ.અમદાવાદ | રૂ.૪-૦૮ પૈસા ૩૦ લાખ મુખ્ય ઉત્તરવહી | -- | -- |
| ૨ | ઉચિતા ગ્રાફિકસ પ્રિન્ટર્સ લિ.,મુંબઇ | -- | રૂ.૧-૫૦ પૈસા ૨૦ લાખ પુરક ઉત્તરવહી | -- |
| ૩ | ગાલા પ્રોડકસ પ્રા.લિ.સુખરામનગર | -- | -- | રૂ.૦-૨૪ પૈસા ૩૫ લાખ ખાખી સ્ટીકર |

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીને જયારે જરુરીયાત જણાય ત્યારે ઉપરોકત મુજબના ભાવે એક વર્ષ માટે જે તે વેપારી પાસેથી ખરીદી કરવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

(સહી)
કા.કુલસચિવ